श्रीमद् भागवत का यह सार
भगवद् भक्ति ही आधार

# શ્રી મદ્‌ભાગવત રસિક કુટુંબ

## રાસ પંચાધ્યાય. ૧૦. ૩૧(ગોપી ગીત)



भक्तों मे ज्यों गोपी श्रेष्ठ, मुनियों में ज्यों व्यास।
पुराणों में ज्यों भागवतम्, लीला में महारास।।

**નારાયણં(ન્) નમસ્કૃત્ય, નરં(ઞ્) ચૈવ નરોત્તમમ્.**
**દેવીં(મ્) સરસ્વતીં(વ્ઁ) વ્યાસં(ન્), તતો જયમુદીરયેત્.**

**નામસઙ્કીર્તનં(યઁ) યસ્ય, સર્વપાપપ્રણાશનમ્.**
**પ્રણામો દુ:ખશમનસ્, તં(ન્) નમામિ હરિં(મ્) પરમ્.**

**શ્રીમદ્‌ભાગવતમહાપુરાણમ્**

**દશમ: સ્કંધ:**

**.. અથૈકત્રિંશોઽધ્યાયઃ - ૩૧ ..**

**ગોપ્ય ઊચુઃ**

**જયતિ તેઽધિકં(ઞ્) જન્મના વ્રજઃ(શ્),**
**શ્રયત ઇન્દિરા શશ્વદત્ર હિ .**
**દયિત દૃશ્યતાં(ન્) દિક્ષુ તાવકાસ્-**
**ત્વયિ ધૃતાસવસ્ત્વાં(વ્ઁ) વિચિન્વતે .. ૧..**

**ધૃતા + સવસ્ + ત્વાં(વ્ઁ)**

ગોપીઓ વિરહાવેશમાં ગાવા લાગી, – પ્યારા શ્યામસુંદર! તમારા જન્મના કારણે વૈકુંઠ વગેરે લોકોથી પણ વ્રજ નો મહિમા વધી ગયો છે. તેથી તો સૌન્દર્ય અને મૃદુલતાનાં દેવી લક્ષ્મીજી પોતાનું નિવાસસ્થાન વૈકુંઠ છોડીને અહીં નિત્ય નિરંતર નિવાસ કરવા લાગ્યાં છે, વ્રજની સેવા કરવા લાગ્યાં છે. પરંતુ પ્રિયતમ! જુઓ આ

તમારી ગોપીઓ, જેમણે તમારા ચરણોમાં જ પોતાના પ્રાણ સમર્પિત કરી રાખ્યા છે, વન-વન ભટકતી તમને શોધી રહી છે. ॥ ૧ ॥

**શરદુદાશયે સાધુજાતસત્,**

**સરસિજોદર*શ્રીમુષા દૃશા .**

**સુરતનાથ તેઽશુ*લ્કદાસિકા**

**વરદ નિ*ઘ્નતો નેહ કિ(વ્ઁ) વધઃ .. ૨..**

**સરસિ + જોદર + શ્રીમુષા**

અમારા પ્રેમાળ હૃદયના નાથ! અમે તમારી વિનામોલની દાસીઓ છીએ. શરદઋતુના સરોવરમાં સુંદર રીતે ખીલેલા શ્રેષ્ઠ કમળના ગર્ભની શોભાને હરી લેતાં નેત્રો વડે તમે અમને ઘાયલ કરી ચૂક્યા છો. અમારા મનોરથો પૂર્ણ કરનારા પ્રાણનાથ ! શું નેત્રોથી હણવા એ વધ નથી? ॥ ૨ ॥

**વિષજલાપ્યયાદ્ વ્યાલરાક્ષસાદ્,**

**વર્ષમારુતાદ્ વૈદ્યુતાનલાત્ .**

**વૃષમયાત્મજાદ્ વિ*શ્વતોભયા-**

**દૃષભ તે વયં(મ્) *રક્ષિતા મુહુઃ .. ૩..**

**વિષ + જલાપ્યયાદ્ ,વ્યાલ + રાક્ષસાદ્ ,વર્ષ + મારુતાદ્ ,વૈદ્યુતા + નલાત્ ,વૃષ + મયાત્મજાદ્**

સર્વોત્કૃષ્ટ દેવ! યમુનાજીના ઝેરી જળથી, અજગરના રૂપમાં ગળી જવા માટે આવેલા અઘાસુર, ઈન્દ્રનો વૃષ્ટિપ્રકોપ, તોફાન, વીજળી, દાવાનળ, વૃષભાસુર અને વ્યોમાસુર વગેરેથી અને જુદા-જુદા સમયે તમામ પ્રકારનાં સંકટોથી તમે વારંવાર અમારી રક્ષા કરી છે. ॥ ૩ ॥

**ન ખલુ ગોપિકાન*ન્દનો ભવા-**

**નખિલદેહિનામ*ન્તરાત્મદૃક્ .**

**વિખનસાર્થિતો વિ*શ્વગુ*પ્તયે,**

**સખ ઉદેયિવાન્ સાત્વતાં(ઙ્) કુલે .. ૪..**

**નખિલ + દેહિના + મન્ત + રાત્મદૃક્ ,વિખન + સાર્થિતો**

તમે માત્ર યશોદાનંદન જ નથી; સમસ્ત શરીરધારીઓના હ્રદયમાં રહેનારા તેમના સાક્ષી છો, અંતર્યામી છો. સખા! બ્રહ્માજીની પ્રાર્થનાથી જગતની રક્ષા કરવા માટે તમે યદુવંશમાં અવતાર લીધો છે. ॥ ૪ ॥

**વિરચિતાભયં(વ્ઁ) વૃ*ષ્ણિધુર્ય તે,**

**ચરણમીયુષાં(મ્) સં(મ્)સૃતેર્ભયાત્ .**

**કરસરોરુહં(ઙ્) કાન્ત કામદં(મ્)**

શિરસિ ધેહિ નઃ(શ્) શ્રીકર*ગ્રહમ્ .. ૫..

વિરચિતા + ભયં, સં(મ્)સૃતેર્ + ભયાત્

પોતાના પ્રેમીઓની અભિલાષાઓ પૂરી કરનારાઓમાં અગ્રેસર યદુવંશશિરોમણી! જેઓ જન્મ-મરણના ચક્રથી ડરીને તમારા ચરણોમાં શરણ લે છે, તેમને તમારા કરકમલ પોતાની છત્રછાયામાં રાખીને અભય કરી દે છે. અમારા પ્રિયતમ! બધાની લાલસા, અભિલાષા પૂરી કરનારા તે જ કરકમલ, જેનાથી તમે લક્ષ્મીજીનો હાથ પકડ્યો છે, તેને અમારા મસ્તક પર પધરાવો. ॥ ૫ ॥

વ્રજજનાર્તિહન્ વીર યોષિતાં(ન્),

નિજજન*સ્મય*ધ્વં(મ્)સન*સ્મિત .

ભજ સખે ભવ*ત્કિં(ઙ્)કરીઃ(સ્) સ્મ નો,

જલરુહાનનં(ઞ્) ચારુ દર્શય .. ૬..

વ્રજ + જનાર્ + તિહન્ ,નિજ + જનસ્મય + ધ્વં(મ્)સનસ્મિત

વ્રજવાસીઓના દુઃખ દૂર કરનાર વીરશિરોમણી શ્યામસુંદર! વ્રજજનોની વ્યથાને હરનારા, ભક્તજનોના ગર્વને મંદસ્મિતથી ચૂર કરનારા અમારા પ્રિય સખા! અમારાથી રિસાઓ નહી, અમારા પર ગુસ્સે ન થાઓ, અમને પ્રેમ કરો. અમે તો તમારી દાસીઓ છીએ, તમારા ચરણો પર ન્યોછાવર છીએ. અમ અબલાઓને પોતાના પરમ સુંદર મુખકમળના દર્શન આપો. ॥ ૬ ॥

પ્રણતદેહિનાં(મ્) પાપકર્શનં(ન્),

તૃણચરાનુગં(મ્) શ્રીનિકેતનમ્ .

ફણિફણાર્પિતં(ન્) તે પદામ્બુજં(ઙ્),

કૃણુ કુચેષુ નઃ(ખ્) *કૃન્ધિ હૃચ્છયમ્ .. ૭..

પ્રણત + દેહિનાં(મ્), તૃણ + ચરાનુગં(મ્), ફણિ + ફણાર્પિતં(ન્)

તમારાં ચરણકમળ શરણાગત પ્રાણીઓનાં તમામ પાપોને નષ્ટ કરી દે છે. તે સમસ્ત સૌન્દર્ય અને માધુર્યની ખાણ છે અને સ્વયં લક્ષ્મીજી તેમની સેવા કરે છે. તમે તે ચરણોથી અમારા વાછરડાઓની પાછળ-પાછળ ચાલો છો અને તમે તે ચરણોને અમારા માટે કાલિયનાગના મસ્તક ઉપર મૂકતાં પણ સંકોચ કર્યો નહી. અમારું હ્રદય તમારા વિરહાગ્નિથી બળી રહ્યું છે. અને તમને મળવાની આકાંક્ષા અમને પજવી રહી છે. તમે તમારા એ જ ચરણ અમારા વક્ષઃસ્થળ પર પધરાવીને અમારા હ્રદય ની બળતરાને શાંત કરો. ॥ ૭ ॥

મધુરયા ગિરા વ*લ્ગુવાક્યયા,

બુધમનોજ્ઞયા પુ*ષ્કરેક્ષણ .

વિધિકરીરિમા વીર મુહ્યતી-

રધરસીધુનાઽઽપ્યાયય*સ્વ નઃ .. ૮..

વલ્ગુ + વાક્યયા, બુધ + મનોજ્ઞયા ,વિધિ + કરી + રિમા ,રધર + સીધુનાડડ + પ્યાયયસ્વ

કમલનયન! તમારી વાણી કેટલી મધુર છે! તેનો એક-એક અક્ષર, એક-એક શબ્દ અતિ મધુર છે. તે મોટા-મોટા વિદ્વાનોને પણ મુગ્ધ કરે છે, તેના પર તેઓ પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરી દે છે. તમારી તે જ વાણીનું રસાસ્વાદન કરીને તમારી આજ્ઞાંકિત દાસી ગોપીઓ મોહીત થઈ ગઈ છે. દાનવીર! હવે તમે દિવ્ય અમૃતથી પણ મધુર અધરામૃતનું પાન કરાવીને અમને જીવનદાન આપો, તેનાથી અમને રસતરબોળ કરી દો. ॥ ૮ ॥

**તવ કથામૃતં(ન્) ત*પ્તજીવનં(ઙ્),**

**કવિભિરીડિતં(ઙ્) *કલ્મષાપહમ્ .**

**શ્રવણમ*ઙ્ગલં(મ્) શ્રીમદાતતં(મ્),**

**ભુવિ ગૃણ*ન્તિ તે ભૂરિદા જનાઃ .. ૯..**

તપ્ત + જીવનં(ઙ્), કવિ + ભિરીડિતં(ઙ્)

પ્રભુ! તમારી લીલા કથા પણ અમૃત સમાન છે. વિરહથી વ્યથિત થયેલા લોકો માટે તો તે જીવન-સર્વસ્વ છે. મોટા-મોટા જ્ઞાની મહાત્માઓ અને શ્રદ્ધાળુ કવિઓએ તેના ગુણગાન કર્યું છે, તે બધાં પાપ-તાપને હરવાવાળી છે, સાથે-સાથે તેના શ્રવણમાત્રથી મંગલ – પરમ કલ્યાણનું દાન પણ કરનારી છે. તે પરમ સુંદર, પરમ મધુર અને વિસ્તૃત પણ છે. જે તમારી લીલા- કથાનું ગાન કરે છે, વાસ્તવમાં તે પૃથ્વીલોકમાં તે જ સૌથી મોટા દાતા છે. ॥ ૯ ॥

**પ્રહસિતં(મ્) પ્રિય* પ્રેમવીક્ષણં(વ્ઁ),**

**વિહરણં(ઞ્) ચ તે ધ્યાનમ*ઙ્ગલમ્ .**

**રહસિ સં(વ્ઁ)વિદો યા હૃદિ*સ્પૃશઃ(ખ્),**

**કુહક નો મનઃ(હ) ક્ષોભય*ન્તિ હિ .. ૧૦..**

પ્રેમ + વીક્ષણં(વ્ઁ)

વ્હાલા! એક દિવસ એ હતો જ્યારે અમે તમારું પ્રેમભર્યું હાસ્ય અને ચિતવન તથા તમારી વિવિધ ક્રીડાઓનું ધ્યાન કરીને અમે આનંદમગ્ન થઈ જતી હતી. તે લીલાઓનું ધ્યાન પણ પરમ મંગલદાયક છે, પછી તમે મળ્યા. હૃદયને સ્પર્શી જનારી તમારી હાસ્યરસ યુક્ત વાતો કરી. હે કપટી! હવે એ બધી વાતો યાદ આવતાં અમારા મનને તે ક્ષુબ્ધ(અસ્વસ્થ) કરી દે છે. ॥ ૧૦ ॥

**ચલસિ યદ્ વ્રજાચ્ચારયન્ પશૂન્,**

**નલિનસ*ુન્દરં(ન્) નાથ તે પદમ્ .**

**શિલતૃણાં(ઙ્)કુરૈઃ(સ્) સીદતીતિ નઃ(ખ્),**

**કલિલતાં(મ્) મનઃ(ખ્) કાન્ત ગ*ચ્છતિ .. ૧૧..**

વ્રજાચ્ + ચારયન્ , શિલ + તૃણાં(ઙ્) + કુરૈઃ(સ્)

અમારા પ્રિય સ્વામી! તમારા ચરણ કમળથી પણ કોમળ અને સુંદર છે. તમે જ્યારે વ્રજની બહાર ગાયો ચરાવવા નીકળો છો ત્યારે તમારા યુગલચરણમાં કાંકરા, કુશ-કાંટા વાગી જવાથી કષ્ટ થતું હશે. એવા વિચારથી અમારું મન બેચેન થઈ જાય છે, અમને ભારે દુઃખ થાય છે. ॥ ૧૧ ॥

**દિનપરિક્ષયે નીલકુન્તલૈર્-**

**વનરુહાનનં(મ્) બિભ્રદાવૃતમ્ .**

**ઘનરજસ્વલં(ન્) દર્શયન્ મુહુર્-**

**મનસિ નઃ(સ્) સ્મરં(વઁ) વીર યચ્છસિ .. ૧૨..**

**દિન + પરિક્ષયે, ઘન + રજસ્ + વલં(ન્)**

દિવસ ઢળ્યે જ્યારે તમે વનમાંથી ઘરે પાછા ફરો છો, ત્યારે અમે જોઈએ છીએ કે કાળા વાંકડિયા કેશથી છવાયેલા તમારા સુંદર મુખકમલ પર પુષ્કળ ગોરજ ઊડેલી હોય છે ત્યારે તમારું સુંદરતમ તે મુખકમલ અમને દેખાડીને અમારા હ્રદયમાં મિલનની આકાંક્ષા – પ્રેમ ઉત્પન્ન કરો છો. ॥ ૧૨ ॥

**પ્રણતકામદં(મ્) પદ્મજાર્ચિતં(ન્),**

**ધરણિમણ્ડનં(ન્) ધ્યેયમાપદિ .**

**ચરણપં(ઙ્)કજં(મ્) શન્તમં(ઞ્) ચ તે,**

**રમણ નઃ(સ્) સ્તનેષ્વર્પયાધિહન્ .. ૧૩..**

**પદ્મ + જાર્ચિતં(ન્), સ્તનેષ્ + વર્પ + યાધિહન્**

પ્રિયતમ! એકમાત્ર તમે જ અમારાં બધાં દુઃખોને હરવાવાળા છો. તમારા ચરણકમળ શરણાગત ભક્તોની સઘળી અભિલાષાને પૂરી કરવાવાળા છે. સ્વયં દેવી લક્ષ્મીજી પોતે તે ચરણોની સેવા કરે છે અને પૃથ્વીના તો તે ભૂષણ જ છે. આપત્તિ સમયે એકમાત્ર તેમનું ચિંતન કરવું ઉચિત છે, જેથી તમામ આપત્તિઓ નષ્ટ થઈ જાય છે. કુંજવિહારી! તમે તમારા તે કલ્યાણસ્વરૂપ ચરણકમળ અમારા વક્ષઃસ્થળ પર પધરાવીને અમારા હૃદયની વ્યથાને દૂર કરો. ॥ ૧૩ ॥

**સુરતવર્ધનં(મ્) શોકનાશનં(મ્)**

**સ્વરિતવેણુના સુષ્ઠુ ચુમ્બિતમ્ .**

**ઇતરરાગવિસ્મારણં(ન્) નૃણાં(વઁ),**

**વિતર વીર નસ્તેઽધરામૃતમ્ .. ૧૪..**

**સુરત + વર્ધનં(મ્), સ્વરિત + વેણુના, ઇતર + રાગવિસ્ + મારણં(ન્), નસ્ + તેઽધરા + મૃતમ્**

વીરશિરોમણિ! તમારું અધરામૃત મળવાની આકાંક્ષાને વધારનારું છે. તે વિરહજન્ય સમસ્ત શોક-સંતાપને હરી લે છે. સ્વરસંગીત ઉત્પન્ન કરતી વેણુ તેનું પાન કરે છે. મનુષ્યોની બીજી સર્વ ઈચ્છાઓને ભુલાવી દેનારા આપના તે અધરામૃતનું અમને પાન કરાવો. ॥ ૧૪ ॥

**અટતિ યદ્ ભવાનહ્નિ કાનનં(ન્),**

**ત્રુટિર્યુગાયતે ત્વામ*પશ્યતામ્ .**

**કુટિલ*કુન્તલં(મ્) શ્રીમુખં(ઞ્) ચ તે,**

**જડ ઉદીક્ષતાં(મ્) *પક્ષ્મકૃદ્ દૃશામ્ .. ૧૫..**

ત્રુટિર્ + યુગાયતે, ત્વામ + પશ્યતામ્

વ્હાલા! દિવસે જ્યારે તમે વનમાં વિહાર કરવા ચાલ્યા જાઓ છો ત્યારે તમને જોયા વિના અમારા માટે એક ક્ષણ યુગ જેવો થઈ જાય છે અને જ્યારે તમે સાંજે પાછા આવો છો ત્યારે વાંકડિયા કેશથી છવાયેલું તમારું પરમ સુંદર મુખ અમે જોઈએ છીએ ત્યારે અમને અમારા નેત્રોની પાંપણો વચ્ચે નડે છે. તેથી એવું લાગે છે કે અમારા નેત્રોની પાંપણો ઉત્પન્ન કરનાર બ્રહ્મા ખરેખર મૂર્ખ છે. ॥ ૧૫ ॥

**પતિસુતાન્વય*ભ્રાતૃબાન્ધવા-**

**નતિવિલઙ્ઘ્ય તેઽન્ત્ય*ચ્યુતાગતાઃ .**

**ગતિવિ*દસ્તવોદ્ગીતમોહિતાઃ(ખ્),**

**કિતવ યોષિતઃ(ખ્) કસ્ત્યજેન્નિશિ .. ૧૬..**

પતિસુતાન્વય + ભ્રાતૃબાન્ધવા, તેઽન્ + ત્યચ્ + યુતાગતાઃ

ગતિ + વિદસ્તવોદ્ + ગીતમોહિતાઃ(ખ્), કસ્ત્ય + જેન્ + નિશિ

પ્રિય શ્યામસુંદર! અમે અમારા પતિ, પુત્રો, ભાઈ-બંધુઓ અને કુલ-પરિવાર છોડીને, તેમની ઇચ્છા અને આજ્ઞાનું ઉલ્લંઘન કરીને તમારી પાસે આવી છીએ. અમે તમારી બધી રમત જાણીએ છીએ, અને તમારા મધુર ગીતથી મોહીત છીએ તે તમે જાણો છો. છતાં હે કપટી! આ રીતે રાત્રીના સમયે તમારી સાથે જ પ્રેમ કરનારી એવી અમ યુવતીઓનો તમારા વિના કોણ ત્યાગ કરી શકે? ॥ ૧૬ ॥

**રહસિ સં(વૅં)વિદં(મ્) હૃચ્છયોદયં(મ્),**

**પ્રહસિતાનનં(મ્) પ્રેમવીક્ષણમ્ .**

**બૃહદુરઃ(શ્) શ્રિયો વીક્ષ્ય ધામ તે,**

**મુહુર*તિસ્પૃહા મુહ્યતે મનઃ .. ૧૭..**

હૃચ્છ + યોદયં(મ્) ,મુહુરતિ + સ્પૃહા

પ્યારા કૃષ્ણ! તમારી ચેષ્ટાઓ, તેના કારણે તમને મળવાની અમારી કામના, તમારું મંદ હાસ્ય, પ્રેમભરી દ્રષ્ટિ અને લક્ષ્મીના નિવાસરૂપ તમારું વિશાળ વક્ષઃસ્થળ – આ બધું જોઈને અમારી સ્પૃહા અત્યંત વધી રહી છે. અને વારંવાર અમારું મન મુગ્ધ થઈ રહ્યું છે. ॥ ૧૭ ॥

**વ્રજવનૌકસાં(વૅં) વ્ય*ક્તિ*રઙ્ગ તે,**

**વૃજિનહન્ત્ર્યલં(વૅં) *વિશ્વ*મઙ્ગલમ્ .**

**ત્યજ મનાક્ ચ નસ્ત્વત્સ્પૃહાત્મનાં(મ્),**

**સ્વજનહૃદ્રુજાં(યઁ) યન્નિષૂદનમ્ .. ૧૮..**

**વ્રજ + વનૌ + કસાં(વૅ), વૃજિ + નહન્ + ત્ર્યલં(વૅ)**

**નસ્ + ત્વત્ + સ્પૃહાત્ + મનાં(મ્) ,યન્ + નિષૂદનમ્**

અરે કૃષ્ણ! તમારું પ્રાગટ્ય વ્રજવાસીઓ અને વનવાસીઓના સર્વ દુઃખોનો નાશ કરવા માટે અને સઘળા વિશ્વનું મંગલ કરવા માટે છે. અમારું હૃદય તમારા પ્રતિ પ્રેમ થી ભરાઈ રહ્યું છે. કઈક થોડી એવી ઔષધિ આપો, જે તમારા નીજજનોના હ્રદયરોગનો સર્વથા નાશ કરી દે. ॥ ૧૮ ॥

**યત્તે સુજાતચરણામ્બુરુહં(મ્) સ્તનેષુ,**

**ભીતાઃ(શ્) શનૈઃ(ફ્) પ્રિય દધીમહિ કર્કશેષુ .**

**તેનાટવીમટસિ તદ્ વ્યથતે ન કિંસ્વિત્,**

**કૂર્પાદિભિર્ભ્રમતિ ધીર્ભવદાયુષાં(ન્) નઃ .. ૧૯..**

**સુજાત + ચરણામ્ + બુરુહં(મ્), તેના + ટવી + મટસિ,**

**કૂર્પાદિ + ભિર્ + ભ્રમતિ, ધીર્ + ભવદા + યુષાં(ન્)**

કમળથી પણ કોમળ તમારા ચરણ છે, તેમને અમે અમારા કઠોર વક્ષઃસ્થળ પર પણ બીતાં બીતાં ધીરેથી પધરાવીએ છીએ, કે જેથી તમને પીડા ન થાય! તે જ ચરણથી તમે રાત્રીના સમયે ઘોર જંગલમાં છૂપી રીતે ભટકતા હોવ છો! શું કાંકરા, કાંટાથી તમારા ચરણોને પીડા નહીં થતી હોય? અમને તો આવો વિચાર કરતાં જ ચક્કર આવી જાય છે, અચેત થઈ જઈએ છીએ. હે કૃષ્ણ! હે શ્યામસુંદર! હે પ્રાણનાથ! અમારું જીવન આપના માટે છે, અમે માત્ર તમારા માટે જીવી રહી છીએ. અમે તમારી છીએ. ॥ ૧૯ ॥

**ઇતિ શ્રીમદ્ભાગવતે મહાપુરાણે પારમહં(મ્)સ્યાં(મ્) સં(મ્)હિતાયાં(ન્)**

**દશમસ્કન્ધે પૂર્વાર્ધે રાસક્રીડાયાં(ઙ્) ગોપિકાગીતં(ન્) નામૈકત્રિં(મ્)શોઽધ્યાયઃ .. ૩૧..**

**ૐ પૂર્ણમદઃ(ફ્) પૂર્ણમિદં(મ્) પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે**

**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે.**

**ૐ શાન્તિઃ(શ્) શાન્તિઃ(શ્) શાન્તિઃ.**

